| | |
|---|---|
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬/૧૨/૨૦૨૨ |
| દાખલ તારીખ | ૧૬/૧૨/૨૦૨૨ |
| નિકાલ તારીખ | ૨૩/૦૪/૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૩ ૦૪ ૦૭ |

દેવભુમિ દ્વારકા જીલ્લાના મે.સ્પેશ્યલ (ઈલે.) જજ સાહેબની અદાલત સમક્ષ,
મુ.ખંભાળીયા.

સ્પે.(ઈલેકટ્રીસીટી) કેસ નં. ૧૩૬/૨૦૨૨
આંક–

ફરીયાદી શ્રી સરકાર

**વિરૂધ્ધ.**

આરોપી સહદેવસિંહ મનુભા ગોહિલ
રહે.શ્રી કુબેર હોટલ, આરાધના ધામ સામે,
વડાલીયા સિંહણ ગામ, તા.ખંભાલીયા, જી. દેવભુમિ દ્વારકા.

ગુનો : ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ

| | |
|---|---|
| ફરીયાદી તરફે | વિદ્વાન પી.પી.શ્રી બી.એસ.જાડેજા |
| આરોપી તરફે | વિદ્વાન વકીલ શ્રી સી.કે.નથવાણી |

**–:: ચુ કા દો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૩/૮/૨૦૨૨ ના રાત્રીના કલાક–૨૨.૦૦ વાગ્યે તથા તે પહેલા જામનગર–ખંભાળીયા હાઈ–વે રોડ ઉપર વડાલીયા સિંહણના પાટીયા પાસે આરાધના ધામ સામે આવેલ પોતાના કબજા ભોગવટાની શ્રી કુબેર હોટલમાં પી.જી.વી.સી.એલ. કંપનીના કાયદેસરના વીજ ગ્રાહક ન હતા અને પી.જી.વી.સી.એલ. કંપનીનું કાયદેસરનું વીજ કનેકશન ધરાવતા ન હોવા છતાં આરોપીએ પોતાની શ્રી કુબેર હોટલની બાજુમાં આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીનીના ટ્રાન્સફોર્મર સેન્ટરના ડીસ્ટ્રીબ્યુશન

બોકસના ૨૦૦ એએમપી ના કટ આઉટમાંથી બિનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે પોતાના પીળા કલરના પ્રાઈવેટ ૪ એમ.એમ.૨ સર્વીસ વાયર વડે ડાયરેકટ વાયરનો એક છેડો કટ આઉટ સાથે જોડી અને વાયરનો બીજો છેડો પોતાની શ્રી કુબેર હોટલના વાયરીગની મેઈન સ્વીચ સાથે જોડી વીજ પાવર મેળવી તેનો વપરાશ કરી આરોપીએ બિનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે વીજ પાવર પુરવઠો મેળવી પોતાની શ્રી કુબેર હોટલમાં આવેલ ચેકીંગ શીટ નં.૨૩૦૪૦૮ માં દર્શાવેલ વિવિધ વીજ ઉપકરણોમાં વીજ વપરાશ કરતા વીજ ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ કુલ રૂા.૪,૯૨,૨૧૧–૦૧ પૈસાની વીજ ચોરી કરતા ગુન્હો કરેલ હોય આરોપી વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારૂ ફરીયાદી શીરીનકુમાર પરસોતમભાઈ કણસાગરા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ. ખંભાલીયા રુરલ સબ ડીવીઝને ફરીયાદ આપતા તે ફરીયાદ જી.યુ.વી. એન.એલ., જામનગર પો.સ્ટે.માં સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૪૩૨/૨૦૨૨ થી નોંધાયેલ છે. પોલીસ તપાસના અંતે ચાર્જશીટ કરી શકાય તેવા પુરાવા હોવાથી ત.ક.અધિકારીએ સબંધિત મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને કાયદાની જોગવાઈ અનુસાર પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ છે. આરોપી સામેનો ગુન્હો કાયદા અન્વયે સ્પેશ્યલ કોર્ટને ચલાવાની હકૂમત હોય, મેજીસ્ટ્રેટ કોર્ટ, ખંભાળીયા દ્વારા સદર કેસ અત્રેની સ્પેશ્યલ કોર્ટને કમીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ અત્રેની અદાલત સમક્ષ આવતાં સ્પે. ઈલે. કેસ નં.૧૩૬/૨૦૨૨ થી નોંધવામાં આવેલો છે.

(૨) સદર કેસ ખાસ ન્યાયાલયમાં કાર્યવાહી ચલાવવા માટે આવેલ છે. આરોપી આ કોર્ટમાં હાજર થયા બાદ ફરીયાદપક્ષે અસલ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. તેની નકલ આરોપીને આપવામાં આવેલ છે.

ત્યારબાદ ચાર્જની સુનાવણી કરવામાં આવેલ છે. આરોપી સામે આંક : ૬ થી તહોમતનામુ ફરમાવી આરોપીનું પ્રાથમિક નિવેદન આંક : ૭ થી લેવામાં આવેલ છે. આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ ચલાવવાની માંગણી કરતાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**–: મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | સાહેદનું નામ | | આંક |
|---|---|---|---|---|
| ૧. | પંચસાહેદ | કુંવરસિંહ બળવંતસિંહ ગોહીલ | (PW-1) | ૦૮ |
| ૨. | પંચસાહેદ | રામભાઈ સારંગભાઈ વાઘેલા | (PW-2) | ૧૦ |
| ૩. | ફરીયાદી | શીરીનકુમાર પરસોતમભાઈ કણસાગરા | (PW-3) | ૧૧ |
| ૪. | સાહેદ | મહેશકુમાર ધીરુભાઈ પટેલ (ના.ઈ.) | (PW-4) | ૧૮ |
| ૫. | ત.ક.અધિ. | મધુબાળા કેશવગર અપારનાથી | (PW-5) | ૨૪ |

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | | આંક |
|---|---|---|---|
| ૧ | વીજચોરી વાળી જગ્યાનું પંચનામું | (P-1/PW-1) | ૦૯ |
| ૨ | અસલ ફરીયાદ દાખલ કરવાનો રીપોર્ટ, | (P-1/PW-3) | ૧૨ |
| ૩ | ફરીયાદ દાખલ કરવાની સતા હોવાનો સરયુલરની ખરી નકલ, | (P-2/PW-3) | ૧૩ |
| ૪ | ગેઈટપાસ, | (P-3/PW-3) | ૧૪ |
| ૫ | ફોટોગ્રાફસ તથા સી.ડી. વેરીફાઈ કર્યા બદલનું સર્ટીફીકેટ, | (P-4/PW-3) | ૧૫ |
| ૬ | વીજ ચોરી અંગે કરવામાં આવેલ આકારણી પત્રક એનેક્ષ્ચર–સી, | (P-5/PW-3) | ૧૬ |
| ૭ | આરોપીને પુરવણી બીલ નોટીસ સાથે | (P-6/PW-3) | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| | મોકલાવેલ તેની સ્થળપત્રત, | | |
| ૮ | વીજચોરી એગેનું રોજકામ અને નકશો, | (P-1/PW-4) | ૧૯ |
| ૯ | વીજચોરીવાળી જગ્યાની ચેકીગ શીટ, | (P-2/PW-4) | ૨૦ |
| ૧૦ | વીજચોરી વાળી જગ્યાનું એનેક્ષ્ચર–૪, | (P-3/PW-4) | ૨૧ |
| ૧૧ | ગુન્હાની તપાસ ડેપ્યુટ કર્યાનો હુકમ, | (P-1/PW-5) | ૨૫ |
| ૧૨ | આરોપીને વીજ ચોરીના ગુન્હામાં હાજર થવા પાઠવેલ નોટીસની સ્થળપ્રત, | (P-2/PW-5) | ૨૬ |
| ૧૩ | આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૪૧(ક)૧ મુજબની નોટીસ રુબરુ પાઠવેલ તેની સ્થળપ્રત, | (P-3/PW-5) | ૨૭ |
| ૧૪ | આરોપીએ રજુ કરેલ સોગંદનામું અસલ, | (P-4/PW-5) | ૨૮ |
| ૧૫ | આરોપીના આધાર કાર્ડની ખરી નકલ, | (P-5/PW-5) | ૨૯ |
| ૧૬ | આરોપીના પાન કાર્ડની ખરી નકલ, | (P-6/PW-5) | ૩૦ |
| ૧૭ | આરોપી ઉપર સે.ગુ.ર.નં.૮૧૮/૨૦૧૯ ના કામે થયેલ ફરીયાદની ખરી નકલ, | (P-7/PW-5) | ૩૧ |
| ૧૮ | નાયબ ઈજનેરશ્રીને સદર કામના મુદ્દામાલ સંબંધે લખેલ પત્રની સ્થળપ્રત, | (P-8/PW-5) | ૩૨ |

(૪) ફરીયાદપક્ષે તેઓનો પુરાવો પુરો થયાની આંક–૩૩ થી કલોઝીગ પુરસીસ આપ્યા બાદ આરોપીનું વિશેષ નીવેદન ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૩ અન્વયે નોંધ્ધામાં આવેલ, જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોનો મહૃદઅંશે ઈન્કાર કરી શકાય તેવા જવાબો આપેલા છે અને વધુમાં એવું જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, વીજચોરીનો કોઈ ગુન્હો કરેલ નથી. આમ છતા તેઓ વિરુઘ્ઘ ખોટા આક્ષેપો કરી ફરીયાદ કરેલ હોય, તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે અને તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવું જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૫.૧) ફરિયાદપક્ષે વિ.સરકારી વકીલશ્રીની દલીલ છે કે, ફરીયાદપક્ષે ગ્રામ્ય સબ ડીવીઝન ખંભાળીયાના નાયબ ઈજનેર શીરીનકુમાર પરસોતમભાઈ કણસાગરાનો પુરાવો આપેલ છે અને તેઓ ફરીયાદી છે, ચેકીગ અધિકારીએ વીજચેકીગ કર્યા બાદ સ્થળ પર કરેલ કાર્યવાહીના કાગળો ઓફીસમાં જમા કરાવતા આ સાહેદે વીજચોરીની ગણતરી કરી નોટીસ સાથે પુરવણી બીલ આપેલ છે, આરોપીએ વીજબીલની રકમ ભરપાઈ ન કરતા તેઓએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે. આ સાહેદના પુરાવા મુજબ આરોપીએ આ અગાઉ પણ એક વીજચોરીનો ગુનો કરેલો હતો અને તેથી માંડવાળની રકમ ફરીયાદમાં જણાવેલ નથી. આ સાહેદની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ કુંવરસિંહ બળવંતસિંહ ગોહીલ તથા રામભાઈ સારંગભાઈ વાઘેલાના મૌખિક પુરાવા આપેલા છે, તેઓએ પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ ત.ક.અધિકારીનો મૌખિક પુરાવો જોતા તેઓએ પંચસાહેદોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે અને તેથી પંચનામું કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી પંચનામાની હકીકત સાબીત થાય છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે ચેકીગ અધિકારી મહેશકુમાર ધીરુભાઈ પટેલ, નાયબ ઈજનેરનો પુરાવો આપેલ છે અને તેઓએ વીજકંપનીના જુદા જુદા

ડીવીઝનના અધિકારી અને કર્મચારી સાથે આરોપીના કબજાની શ્રી કુબેર હોટલમાં વીજચેકીંગ કરેલ હતુ, આરોપીની વીજચેકીંગ સમયે હાજરી હતી, આ સાહેદે આરોપીની ઓળખ અંગે પુરાવો માંગતા આરોપીએ આધારકાર્ડ બતાવેલ, ચેકીગ અધિકારીએ હોટલની માલીકી અને કબજા ભોગવટા અંગે પુછપરછ કરતા આરોપીએ પોતાના કબજા ભોગવટાની હોવાનું જણાવેલ, ત્યારબાદ ચેકીગ અધિકારીઓએ આરોપીની હાજરીમાં વીજચેકીગ કરતા આરોપીની હોટલમાં વીજકંપનીનું કાયદેસર વીજ કનેકશન ન હતુ, અને વીજ વપરાશ થતો હોવાનું જણાતા વીજચેકીગ અધિકારીઓએ મોબાઈલ ફોનથી વીડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી કરેલ અને ચેકીગશીટ, રોજકામ તથા એનેક્ષ્ચર–૪ તૈયાર કરી પોતાની સહીઓ કરેલ હતી, ત્યારબાદ ચેકીગ અધિકારી ખંભાળીયા ગ્રામ્ય સબ ડીવીઝનની ઓફીસે આવી ફરીયાદીને સ્થળ પર તૈયાર કરેલ કાગળો તેમજ વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી આપેલ હતા. આ સાહેદની જુબાનીમાં રજુ થયેલા દસ્તાવેજી પુરાવા પરથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે ત.ક.અધિકારી મધુબાળા કેશવગર અપારનાથીનો મૌખિક પુરાવો આપેલ છે તે જોતા તેઓએ આ ગુનાની તપાસ કરેલ છે, આ સાહેદે પોલીસ તપાસ દરમ્યાન સાહેદોના નીવેદન લીધેલ છે, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે, આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૪૧(ક)૧ મુજબ નોટીસ આપેલ છે, આ સાહેદે પોંલીસ તપાસ દરમ્યાન આરોપીએ સોગંદનામું, આધારકાર્ડની નકલ, પાનકાર્ડની નકલ તથા અગાઉના ગુનાની એફ.આઈ.આર.ની નકલ મેળવેલ છે, આ સાહેદે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે. આ સાહેદના મૌખિક પુરાવામાં દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે. આ સાહેદની જુબાની પરથી પોલીસ તપાસની કાયદા મુજબની કાર્યવાહી સાબીત થયેલ છે. આ

સાહેદનો પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે. ફરીયાદપક્ષે આંક–૩૧ થી આરોપીના અગાઉના વીજચોરી અંગેની પોલીસ ફરીયાદની નકલ રજુ થયેલ છે તે જોતા આરોપીએ રૂા.૪,૫૬,૦૯૮.૨૦ પૈસાની વીજચોરી કરેલ હતી, આરોપીએ પ્રથમ વીજચોરીના બીલની રકમ વીજ કંપનીમાં ભરી આપતા વીજ કંપનીએ ગુનો માંડવાળ કરેલ છે, હાલના ગુનામાં પણ આરોપીએ આક્ષેપાયેલ વીજચોરીની રકમ રૂા.૪,૯૨,૨૧૧.૦૧ પૈસા વીજ કંપનીમાં ભરી આપેલ છે તેવી બચાવપક્ષે રજુઆત છે. આ હકીકત જોતા આરોપીના કબજાની હોટલમાં વીજચેકીગ કરવામાં આવેલ છે તે હકીકતને સમર્થન મળે છે. ત.ક.અધિકારીની જુબાનીમાં આંક–૨૮ થી રજુ થયેલ આરોપીનું સોગંદનામું જોતા વીજચોરી થતી હતી તે જગ્યા આરોપીના કબજાની હતી તે હકીકત આરોપીએ સોગંદ ઉપર જાહેર કરેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુનો શંકારહિત સાબીત થતો હોય અને આરોપીનો વીજચોરીનો બીજો ગુનો હોય આરોપીને કાયદા મુજબ સજા કરવા રજુઆત કરેલ છે.

(૫.૨) આરોપીના વિ.વ.શ્રી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદી શીરીનકુમાર પરસોતમભાઈ કણસાગરા, નાયબ ઈજનેર છે અને તેઓ વીજ ચેકીગ સમયે હાજર ન હતા, ફરીયાદીએ પોતાના સમક્ષ રજુ થયેલ વીજચેકીગના કાગળો આધારે પોલીસ ફરીયાદ આપેલ છે, ફરીયાદી સમક્ષ રજુ થયેલ સી.ડી. કે ફોટોગ્રાફસ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ નથી, ફરીયાદીનો મૌખિક પુરાવો આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ વીજચોરી સાબીત કરવામાં મદદરૂપ થતો નથી. વધુમાં દલીલ કરેલ છે કે, પંચસાહેદોએ સરતપાસ દરમ્યાન ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી અને તૈયાર લખેલા પંચનામામાં

સહી કરવાનું કહેતા પંચસાહેદોએ સહી કરી આપેલ છે, પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ થયેલ હોય તેવી હકીકતને પંચસાહેદોની જુબાની પરથી સમર્થન મળતું નથી. વધુમાં દલીલ કરેલ છે કે, ચેકીગ અધિકારીએ મૌખિક પુરાવો આપેલ છે તે જોતા વીજચેકીગમાં જવા ઉપરી અધિકારીએ કોઈ લેખિત આદેશ આપેલ ન હતો, તેઓ જે વાહનમાં ચેકીગમાં ગયેલા તે વાહનની લોગબુકની નકલ તપાસ કરનાર અધિકારીને આપેલ નથી, ચેકીગ સમયે ચેકીંગશીટ તથા રોજકામ કરવામાં આવેલ છે તેમાં કોઈ સ્વતંત્ર વ્યકિતની સહી લેવામાં આવેલ નથી, ચેકીગ સમયે ચેકીગ અધિકારીએ આરોપી પાસેથી ચેકીગવાળી જગ્યાના માલીક કે કબજેદાર હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો લીધેલ ન હતો, ચેકીગ સમયે ખંભાળીયા ગ્રામ્ય સબ ડીવીઝનના કોઈ કર્મચારી કે અધિકારી હાજર ન હતા, ચેકીગ અધિકારીએ માત્ર કામગીરી બતાવવા ખોટું વીજચેકીગ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ ગુનાની તપાસ એમ.કે.અપારનાથી, પી.એસ.આઈ.ને સોંપવામાં આવેલ હતી અને તેઓએ આ ગુના સબંધે સાચી દિશામાં તપાસ કરેલ ન હતી, ચેકીગ સમયે ચેકીગ અધિકારીએ કબજે લીધેલ મુદ્દામાલ વાયર પોલીસ તપાસ દરમ્યાન કબજે લેવામાં આવેલ નથી, આરોપીની માલીકી કે કબજાની હોટલ હોવા સબંધે રેવન્યુ રેકર્ડ મેળવેલ નથી કે તલાટીનું નીવેદન લીધેલ નથી, ત.ક.અધિકારીના કહેવા મુજબ આરોપી પાસેથી દસ્તાવેજી પુરાવા જેવા કે સોગંદનામું, આધારકાર્ડ તથા પાનકાર્ડની નકલ મેળવેલ તે અંગે કોઈ પંચનામું કરેલ નથી અને તેઓએ ફરીયાદને અનુરૂપ ખોટી તપાસ કરી આરોપી વિરુઘ્ધ ગુનો બનતો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે. વધુમાં બચાવપક્ષે આંક–૩૮ થી લેખિત દલીલ રજુ થયેલ છે તે વંચાણે લીધી.

(૫.૩) બચાવપક્ષે દલીલમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદ કરવા માટેની મંજુરી ત.ક.અધિકારીએ તપાસ દરમ્યાન મેળવેલ નથી, ટ્રાયલ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ થયેલ નથી, આરોપીનું કહેવાતું સોગંદનામું પોલીસના કહેવાથી કરવામાં આવેલ છે, ત.ક.અધિકારીએ પંચનામું કર્યુ ત્યારે ચેકીગવાળી જગ્યાએથી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નથી, ચેકીગ સમયે ફોટોગ્રાફ લેવામાં આવેલ છે તેમજ વીડીયોગ્રાફી કરવામાં આવેલ છે પરંતુ ટ્રાયલ દરમ્યાન ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ રજુ થયેલ નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે State of Gujarat Vs. Shabir Husen Khol (Cri.Appeal (Against Acquittal) No.1492/2014) ના કેસમાં આપેલ ચુકાદો જોતા ત.ક.અધિકારીએ સ્વતંત્ર સાહેદોના કોઈ નીવેદન લીધેલ ન હોય કે મુદ્દામાલ કબજે કર્યાનું પચનામું કે રોજકામ કરેલ ન હોય આરોપી સામેનો કેસ સાબીત થતો નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે State of Gujarat Vs. Bipinbhai Shivlalbhai Kankhara (R/Criminal Appeal No.229/2016) ના કેસમાં આપેલ ચુકાદો જોતા મુદ્દામાલ તપાસના કામે ત.ક.અધિકારીને સોંપવામાં આવેલ ન હોય અને ત.ક.અધિકારીએ કબજે લીધેલ ન હોય અને ચેકીંગ અધિકારીએ સ્થળ પર આજુબાજુમાં રહેતા સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં પંચનામું કે રોજકામ કરેલ ન હોય ત્યારે આરોપી સામેનો કેસ સાબીત થતો નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે State of Gujarat Vs. Bhupatsang Punjaji Kanchava (R/Criminal Appeal No.437/2013)ના કેસમાં આપેલ ચુકાદો જોતા ફરીયાદ કરવા માટે કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તે રજુ થતી ન હોય તેમજ ચેકી ગ સમયે કરવામાં આવેલ વીડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી રજુ થતી ન હોય

તેમજ ત.ક.અધિકારીએ પંચનામું કર્યુ ત્યારે વીડીયોગ્રાફી કરેલ નથી અને મુદ્દામાલ વાયર કબજે કરેલ ન હોય આરોપી સામેનો કેસ સાબીત થતો નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે Kadarbhai Rehmanbhai Vepari Vs. The State of Gujarat (R/Criminal Appeal No.1446/2006) ના કેસમાં આપેલ ચુકાદો જોતા ફરીયાદપક્ષે ઝડતી તપાસ અંગેની આજ્ઞાત્મક જોગવાઈ અનુસરવી જોઈએ, વીજચોરીના કેસમાં ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહિત સાબીત કરવાનો છે, જો ફરીયાદપક્ષ આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો આરોપી સામેનો કેસ સાબીત થતો નથી. ફરીયાદ કરવા માટે કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તે રજુ થતી ન હોય તેમજ ચેકીગ સમયે કરવામાં આવેલ વીડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી રજુ થતી ન હોય તેમજ ત.ક.અધિકારીએ પંચનામું કર્યુ ત્યારે વીડીયોગ્રાફી કરેલ નથી અને મુદ્દામાલ વાયર કબજે કરેલ ન હોય આરોપી સામેનો કેસ સાબીત થતો નથી. અંતમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબીત કરી શકેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૬) આ કામે બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓના નિર્ણય કરવાના રહે છે.

**–:: <u>મુ દ્દા ઓ</u> ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે, ગત તા.૦૩/૦૮/૨૦૨૨ ના રોજ પી.જી.વી.સી.એલ., આઈ.સી. સ્કવોડ જામનગર સર્કલ ઓફીસ નાયબ ઈજનેર મહેશભાઈ ડી. પટેલ તથા તેની સાથેના પી.જી.વી.સી.એલ., આઈ.સી. સ્કવોડના કર્મચારીઓ દ્વારા ખંભાળીયા પેટા વિભાગીય કચેરીના

કાર્યક્ષેત્ર હેઠળ આવેલ વડાલીયા સિંહણના પાટીયા પાસે, આરાધના ધામ સામે, શ્રી કુબેર હોટલમાં રાત્રીના કલાક ૨૨.૦૦ વાગ્યે વિજ ચેકીગ હાથ ધરતા તહોમતદાર પી.જી.વી.સી.એલ., કંપનીના ધારાસરના ગ્રાહક ન હોય અને કોઈપણ પ્રકારનું કાયદેસરનુ પી.જી.વી.સી.એલ., કંપનીનું વીજ કનેકશન કે વીજ મીટર ધરાવતા ન હોય છતાં તહોમતદારે તેઓની હોટલની બાજુમાં આવેલ પી.જી.વી.સી.એલ. કંપનીના ટ્રાન્સફોર્મર સેન્ટરના ડિસ્ટ્રીબ્યુશન બોક્ષના ૨૦૦ એએમપી ના કટ આઉટમાં થી ડાયરેકટ પોતાના પીળા કલરના પ્રાઈવેટ ૪ એમએમ ૨ નો આશરે ૩૦ મીટરનો સર્વીસ વાયર વડે વાયરનો એક છેડો કટ આઉટ સાથે જોડી અને બીજો છેડો પોતાની શ્રી કુબેર હોટલના વાયરીગની મેઈન સ્વીચ સાથે જોડી બિનઅધિકૃત રીતે વીજ પાવર મેળવી તેનો વપરાશ પોતાની હોટલમાં આવેલ વિવિધ વીજ ઉપકરણોમાં કરતા પકડાઈ જતા સદરહુ કિસ્સો દેખીતી રીતે વીજચોરીનો હોવાથી પી.જી.વી.સી.એલ., ખંભાળીયા પેટા વિભાગીય કચેરી દ્વારા વીજચોરીની રકમ રૂા.૪,૯૨,૨૧૧.૦૧ પૈસા તહોમતદાર સામે આકારણી થયેલ અને સદરહું ગુન્હો આરોપી સામે બીજી વખતનો હોવાથી કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરવાનો રહેતો ન હોય અને તપાસ દરમ્યાન તહોમતદાર સદર હોટેલના કબજેદાર હોવાથી પુરવણી બીલ અને નોટીસ આપેલ તે રકમ આરોપીએ નિયત સમયમાં ફરીયાદી સંસ્થામાં ભરપાઈ ન કરતાં આરોપીએ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

(૮) ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. ફરિયાદપક્ષે વિ.સરકારી વકીલશ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૯) રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવે તે પહેલા ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો તરફ દ્રષ્ટિપાત કરવામાં આવે તો કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામે ફરિયાદપક્ષે આક્ષેપાયેલ ગુનો નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપી સામેના ગુનાની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ કે ગુનો સાબિત કરવા સંપૂર્ણ અને સજ્જડ પુરાવાઓ આપવાના રહે છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના બચાવની નબળાઈનો લાભ ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક માનસિક કસરત કરવાની હોય છે અને પુરાવાઓનું મુલ્યાંકન સામાન્ય સમજણ

ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ ચોકકસ પ્રકિયા જણાવવામાં આવેલી નથી. તે જ રીતે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અદાલતે ઘ્યાનમાં રાખવાની હોય છે. સાહેદોની સંખ્યા કે પુરાવાનો જથ્થો અગત્યતા ધરાવતું નથી. માત્ર એક જ માનવા લાયક કે વિશ્વાસપાત્ર સાહેદના પુરાવા આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. સંખ્યાબઘ્ઘ સાહેદો કે જથ્થાબંધ પુરાવો રજુ કરવાનું ફરિયાદ પક્ષ માટે જરુરી નથી. ન્યાયશાસ્ત્રના સુસ્થાપિત સિઘ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના સંદર્ભમાં આરોપી સામેનું તહોમતનામુ શંકારહિત, સચોટ, સંપૂર્ણ અને સજજડ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષે નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતા હોય અગર તો બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા તેવો બચાવ લેતા હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલાક અંશે પુરાવો રજુ કરવો પડે. આરોપીએ પોતાનો બચાવ ફરિયાદપક્ષ માફક શંકારહિત સાબિત કરવાનો નથી પરંતુ શકયતા પર આધારિત બચાવ સાબિત કરવાનો રહે છે. હાલના કેસમા આરોપીએ બચાવના સાહેદો તપાસેલ નથી કે આરોપીએ જાતે કોઈ પુરાવો આપેલ નથી. તે સંજોગોમા ફરિયાદપક્ષે આરોપી સામેનું આરોપનામું શંકારહીત સાબિત કરવુ પડે. નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જો ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થતો હોય છે. જયારે ફરિયાદપક્ષના ખુદના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય,

અગર તો ઉદ્‌ભવતી હોય, તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે. પરંતુ શકયતાઓ આધારીત, અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. આરોપીએ "ગુન્હો કર્યો છે" અને "ગુન્હો કર્યો હશે" તે બંન્ને વચ્ચે ઘણુ જ લાંબુ અંતર રહેલુ છે અને આવુ લાંબુ અંતર ફરિયાદપક્ષે જ સચોટ અને શંકારહિત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો ફરિયાદપક્ષ પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી વિરુધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી ન્યાયાધીશે બે પ્રકારની ભૂમિકાઓ અદા કરવાની હોય છે. જેમાં એક નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે, બીજી બાજુ દોષીત વ્યકિત ગુનામાંથી તે છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયાધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરના અને મહત્વના પુરાવાઓને હંમેશા નજર સમક્ષ રાખવાના હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતા જ હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો ફરિયાદપક્ષનાં કેસને મુળમાંથી અસર કરતા ન હોય તો તેની અવગણના કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણશકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આ સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરના પુરાવાઓને ધ્યાને લેવાના હોય છે. આ તમામ

પાયાના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી હાલના કેસનો ન્યાયિક નિર્ણય કરવામાં આવી રહેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૮થી પંચસાહેદ કુંવરસિંહ બળવંતસિંહ ગોહીલ (PW-1)નો અને આંક–૧૦ થી પંચસાહેદ રામભાઈ સારંગભાઈ વાઘેલા (PW-2)નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદોની જુબાનીમાં આંક–૦૯ થી વીજચોરી વાળી જગ્યાનું પંચનામુ (P-1/PW-1) રજુ થયેલ છે. આ પંચસાહેદોનો પુરાવો જોતા તેઓએ પંચનામામાં સહી કર્યા સિવાય અન્ય કોઈ હકીકત જાણતા નથી અને કોઈ જગ્યાએ લઈ ગયા નથી અને પોલીસે તેઓની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી તેવી હકીકત જણાવેલ છે. પોલીસે તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તેવી હકીકત જણાવે છે.

(૧૦.૧) આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને કે પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી વિ.સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા અદાલતે પરવાનગી આપેલ છે અને ત્યારપછીની જુબાનીમાં પણ આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને કે પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૦.૨) આ સાહેદોની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ છે તે જોતાં પંચનામામાં તેઓની સહીઓ લીધી ત્યારે તેઓ અને પોલીસ વાળા સીવાય બીજા કોઈ હાજર ન હતા તેવી હકીકત સ્વીકારે છે.

(૧૧) ફરીયાદપક્ષે આંક–૧૧ થી ફરીયાદી શીરીનકુમાર પરસોતમભાઈ

કણસાગરા (PW-3)નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા આ સાહેદ ફરીયાદી છે. આ સાહેદ તા.૩/૮/૨૦૨૨ ના રોજ ખંભાળીયા ગ્રામ્ય સબ ડીવીઝનના નાયબ ઈજનેર હતા અને ચેકીગ અધિકારીઓએ આરોપીના કબજાની હોટલનું વીજચેકીગ કરતા આરોપી વીજચોરી કરતા મળી આવતા સ્થળ ઉપર કાર્યવાહી કરી તૈયાર કરેલ કાગળો આ સાહેદ સમક્ષ રજુ કરતા આ સાહેદે આરોપીને વીજચોરીની આકારણી કરી વીજબીલ આપેલ છે અને આરોપી વિરુઘ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ છે. વધુમાં આ સાહેદના પુરાવા મુજબ આરોપી સામે વીજચોરીનો આ બીજો બનાવ હતો.

(૧૧.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

(૧૨) ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ મહેશકુમાર ધીરુભાઈ પટેલ (PW-4)નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તેઓ આઈ.સી. સ્કવોડ, જામનગર સર્કલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઉપરી અધિકારીની સુચનાથી તા.૩/૮/૨૦૨૨ ના રોજ અંકિતકુમાર રકમેશચંદ્ર પંડયા (નાયબ ઈજનેર, જામનગર), કાનજીભાઈ પેઠાભાઈ પીપરોતર (જુનીયર ઈજનેર, જામનગર), રાજેશકુમાર મહેશભાઈ જોષી (જુનીયર ઈજનેર, સાવરકુંડલા), અરવિંદકુમાર હંસરાજભાઈ નકુમ (આસીસ્ટન્ટ લાઈનમેન, જામનગર) તથા મુકેશભાઈ બાબાભાઈ પરમાર (લાઈનમેન, અમરેલી) સાથે ખંભાળીયા ગ્રામ્ય સબ ડીવીઝનમાં વીજચેકીગમાં ગયેલા અને જામનગર ખંભાળીયા હાઈ–વે ઉપર વડાલીયા સિંહણના પાટીયા પાસે આરાધના ધામ સામે આવેલ કુબેર હોટલમાં વીજચેકીગ કરતા આરોપી હાજર

મળી આવેલા હતા. વીજચેકીંગ અધિકારીઓએ આરોપીની ઓળખ માંગતા આરોપીએ પોતાનું આધારકાર્ડ બતાવેલ. ત્યારબાદ આરોપીએ વીજચેકીંગ વાળી હોટલ પોતાની માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ તેમજ આ હોટલમાં પોતે વીજવપરાશ કરતા હોવાનું જણાવેલ. ત્યારબાદ વીજચેકીંગ અધિકારીઓએ આરોપીને સાથે રાખી વીજચેકીંગ કરતા આરોપી વીજચોરી કરતા મળી આવેલા. જેથી સ્થળ ઉપર વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવેલ તેમજ રોજકામ, ચેકીગશીટ તથા એનેક્ષ્ચર–૪ તૈયાર કરવામાં આવેલ. વીજચેકીગ અધિકારીઓએ સ્થળ પર કાર્યવાહી પુર્ણ થયા બાદ સ્થાનીક કચેરીમાં આવી નાયબ ઈજનેરને કાગળો સોંપી આપેલ છે. ચેકીંગ અધિકારીએ પોતાના મૌખિક પુરાવા દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે.

(૧૨.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૨૪ થી ત.ક.અધિકારી મધુબાળા કેશવગર અપારનાથી (PW-5)નો મૌખીક પુરાવો આપેલ છે. આ સાહેદની જુબાની જોતા તેઓને આ ગુનાની પોલીસ તપાસ મળતા સાહેદોના નીવેદન લીધેલ છે, ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે, વીજચોરીની રકમ ભરપાઈ કરવા તેમજ ગુનાના કામે હાજર થવા કાયદા મુજબ નોટીસ આપેલ છે, આરોપી સામે વીજચોરીનો બીજો ગુનો હોવાથી અગાઉના ગુનાની એફ.આઈ.આર.ની નકલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ, પોલીસ તપાસ દરમ્યાન આરોપીએ કરેલ સોગંદનામું, આધારકાર્ડની નકલ તથા પાનકાર્ડની નકલ મેળવેલ છે અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય પોલીસ તપાસના અંતે ચાર્જશીટ કરેલ છે.

(૧૩.૧) આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

(૧૪) ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા ફરીયાદવાળા બનાવ અગાઉ તા.૬/૨/૨૦૧૯ ના રોજ આરોપી વીજચોરી કરતા મળી આવેલા અને તે અંગે ગુનો દાખલ થયેલો. જે ગુનામાં રૂા.૪,૫૬,૦૯૮.૨૦ પૈસાની વીજચોરી હતી. તે ગુનો પ્રથમ હોવાથી વીજ કંપનીએ સદર વીજચોરીની રકમ કમ્પાઉન્ડીગ ચાર્જ સાથે સ્વીકારી ગુનો માંડવાળ કરેલ છે. ફરીયાદ વાળો બનાવ વીજચોરીનો બીજો બનાવ છે. આરોપીએ પ્રથમ બનાવમાં વીજચોરીની રકમ કમ્પાઉન્ડીગ ચાર્જ સાથે ભરી આપેલ છે તેમજ હાલના ગુનાના કામે પણ વીજચોરીના બીલની રકમ વીજકંપનીમાં ભરી આપેલ છે. તેથી વીજચોરી વાળું સ્થળ આરોપીના કબજાનું ન હતુ તે અંગેની કોઈ તકરાર રહેતી નથી. આમ છતાં તપાસ કરનાર અધિકારીએ પોલીસ તપાસ દરમ્યાન આરોપીનું સોગંદનામું મેળવી પુરાવાના કામે રજુ કરેલ છે. આમ વીજચેકીંગ વાળું સ્થળ આરોપીની માલીકી અને કબજાનું હતુ તે હકીકત સાબીત થાય છે.

(૧૫) વીજચેકીગ અધિકારીનો મૌખિક પુરાવો જોતા તેઓ નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા અને ઉપરી અધિકારીની સુચનાથી તેઓ તથા વીજકંપનીના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ખંભાળીયાના ગ્રામ્ય સબ ડીવીઝનમાં વીજચેકીગમાં ગયેલા હતા. તેઓના વીજચેકીગ દરમ્યાન આરોપી વીજચેકીગ વાળી જગ્યા પર હાજર હતા અને તેઓની હાજરીમાં વીજચેકીગ કરવામાં આવેલું. તેઓએ સ્થળ પર કાગળો કરેલા છે અને પોતાના મોબાઈલથી વીડીયોગ્રાફી કરેલ છે તથા ફોટોગ્રાફ લીધેલ છે. ચેકીગ અધિકારી જામનગરના છે અને આરોપી સાથે અગાઉ કોઈ ઝઘડો

તકરાર થયેલા હોય કે વૈમનસ્ય હોય તેવો બચાવપક્ષનો બચાવ નથી. જેથી ચેકીંગ અધિકારીનો પુરાવો ન માનવા માટે આ અદાલત પાસે કોઈ કારણ નથી. ટ્રાયલ દરમ્યાન ચેકીંગ અધિકારી અને આરોપી વચ્ચે ચેકીંગ સમયે કે તે પહેલા અગાઉ કોઈ મનદુઃખ થયેલા હોય કે વૈમનસ્ય હોય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. ચેકીંગ અધિકારીએ વીજચેકીંગ સમયે સ્થળ પર તપાસણી અહેવાલ તૈયાર કરેલ છે. તે જોતા તેમા વીજ તપાસણીમાં જણાવ્યા મુજબના વીજ ઉપકરણોમાં વીજ વપરાશ થતો હતો. આરોપી પાસે કાયદેસર વીજ કનેકશન ન હોવા છતાં ડીપ ફ્રીઝ તથા મીક્ષ્ચર વિગેરે ઉપકરણોનો ઉપયોગ કરતા હતા. આ વીજ ઉપકરણોમાં થતો વપરાશ ધ્યાનમાં રાખી ફરીયાદીએ વીજ વપરાશની ગણતરી કરેલ છે. ચેકીંગ સમયે આરોપીનો કનેકટેડ લોડ ૦૫.૯૬૮ કીલોવોટ હતો. ફરીયાદીએ પોતાના સમક્ષ વીજચોરી સબંધે સ્થળ પર તૈયાર થયેલા કાગળો રજુ થતા તેનો અભ્યાસ કરી આરોપી વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપેલ છે. ફરીયાદીએ પોલીસ ફરીયાદ દાખલ થયા બાદ આરોપીને નોટીસ સાથે વીજપુરવણી બીલ આપેલ છે. આરોપીએ તેનો ઈન્કાર કરતા હોય તેવો કોઈ જવાબ આપેલ નથી. પોલીસ તપાસ દરમ્યાન પણ પોલીસ સ્ટેશન ઓફીસરે તથા તપાસ કરનાર અધિકારીએ આરોપીને ગુનાના કામે હાજર થવા તથા કાયદા મુજબ નોટીસ આપેલ છે. આરોપીએ વીજ કંપનીના અધિકારી સમક્ષ કે કોઈ ઉચ્ચ પોલીસ અધિકારી સમક્ષ તેનો વિરોધ કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા આરોપીએ તહોમતનામા મુજબ વીજચોરીનો બીજો ગુનો કરેલ છે તે હકીકત સાબીત થાય છે.

(૧૬) આરોપી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ

ચુકાદા રજુ થયેલા છે. તે જોતા ફરીયાદી ફરીયાદ આપવા માટે અધિકૃત નથી, ચેકીંગ અધિકારીએ વાયર કબજે કર્યા બાદ તપાસ કરનાર અધિકારીએ તપાસના કામે કબજે કરેલ નથી, કોઈજ સ્વતંત્ર સાહેદનો પુરાવો નથી વિગેરે બાબતો ધ્યાને લઈ આરોપી સામેનો કેસ નાસાબીત માનેલ છે. જયારે હાલના કિસ્સામાં જોવામાં આવે તો મુદ્દામાલ વાયર સ્થળ પરથી કબજે લીધા બાદ સ્થાનીક ઓફીસમાં આવી ફરીયાદી સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને તે અંગેનો ગેઈટપાસ પુરાવાના કામે રજુ થયેલ છે. ફરીયાદીને ફરીયાદ કરવા કંપની સેક્રેટરીએ સત્તા આપેલ છે અને તે અંગેનો સરકયુલર ફરીયાદીના મૌખિક પુરાવામાં રજુ થયેલ છે. ચેકીંગ જે દિવસે થયેલ છે ત્યારપછી તાત્કાલીક પોલીસ સ્ટેશનને ફરીયાદ મોકલી આપવામાં આવેલ છે. ફરીયાદમાં વિલંબ થયેલ નથી. ચેકીંગ અધિકારીએ સ્થળ પર મુદ્દામાલ કબજે કર્યા અંગે એનેક્ષ્ચર–૪ તૈયાર કરેલ છે તે ટ્રાયલ દરમ્યાન પુરાવાના કામે રજુ થયેલ છે. આમ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના કેસમાં જે સંજોગો અને પુરાવા હતા તેવા સંજોગો અને પુરાવો હાલના કેસમાં નથી. જેથી બચાવપક્ષને સદરહુ ચુકાદા મદદરુપ થતા નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિશંકપણે સાબીત કરી શકેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપું છું. આરોપીને તથા ફરીયાદપક્ષને સજા અંગે સાંભળવા કામ મુલત્વી રાખવામાં આવે છે.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૨૩/૦૪/૨૦૨૬
(ડી.વી.પાથર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સ્પેશ્યલ (ઈલે.) જજ,
જી.દેવભુમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Code: GJ-00345)

(૧૭) આરોપી તરફે રજુઆત છે કે, આ ગુનાના કામે વીજચોરીની રકમ વીજકંપનીમાં ભરી આપેલ છે, તેઓ પરણીત છે, એક પુત્ર છે અને ખાનગી નોકરી કરે છે, તેઓના પરિવારની સમગ્ર જવાબદારી તેઓ ઉપર છે, તેઓને કેદની સજા કરવામાં આવે તો તેઓના પત્નીના ભરણપોષણ અને દેખરેખ રાખે તેવું કોઈ નથી, આ સંજોગોમાં કેદની સજા ન કરતા તેમજ દંડની ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

(૧૮) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, ફરીયાદપક્ષે ચેકીગ સમયે કનેકટેડ લોડ ૦૫.૯૬૮ કીલોવોટ હતો. આ કાયદાની જોગવાઈ મુજબ ૩ (ત્રણ) વર્ષ કેદની સજા અને બીજા ગુન્હા માટે વીજચોરીની રકમના છ ગણા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી હાલના કિસ્સામાં આરોપીને ૩ (ત્રણ) વર્ષની સજા અને રૂા.૨૯,૫૩,૨૬૬/- દંડ કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, આરોપીએ પ્રથમ વખત વીજચોરીનો ગુન્હો કરેલો અને તે કાયદા મુજબ સમાધાન પાત્ર હોવાથી વીજ કંપનીએ સમાધાન કરી આરોપી સામેનો કેસ માંડવાળ કરેલ છે. જયારે બીજા ગુન્હા માટે કેસ માંડવાળ કરવાની કાયદામાં જોગવાઈ નથી. આરોપીએ પ્રથમ વીજચોરી કરી અને ગુન્હો માંડવાળ કર્યો ત્યારપછી પણ વીજચોરીની ગુન્હાહીત પ્રવૃતિ ચાલુ રાખેલ છે. આ સંજોગોમાં આરોપીને કાયદા મુજબ સજા કરવા રજુઆત કરેલ છે.

(૧૯) સમગ્ર રજુઆતો જોતા આરોપીનો આ બીજો વીજચોરીનો ગુન્હો છે તે હકીકત આ કેસની કાર્યવાહી દરમ્યાન સાબીત થયેલ છે. બચાવપક્ષની રજુઆત મુજબ આરોપીએ આ વીજચોરીના ગુન્હાના કામે વીજકંપનીમાં વીજબીલની રકમ ભરી આપેલ છે. આ

કાયદામાં પ્રથમ ગુન્હો સમાધાન પાત્ર છે અને વીજકંપનીએ પ્રથમ ગુન્હો સમાધાન કરી માંડવાળ પણ કરેલ છે. આમ છતાં આરોપીએ બીજી વખત વાણિજયક હેતુ માટે વીજચોરીનો ગુન્હો કરેલ છે. વીજચોરીની ગુન્હાહીત પ્રવૃતિ સતત વધતી રહે છે. એક વખત સમાધાનથી ગુન્હો માંડવાળ થવા છતાં પણ આરોપીએ વીજચોરીની ગુનાહિત પ્રવૃતિ ચાલુ રાખેલ તે ગંભીર બાબત છે. જો આરોપીને કાયદા મુજબ સજા કરવામાં ન આવે તો આ પ્રકારની ગુન્હાહિત પ્રવૃતિ કરવાનું સમાજને પ્રોત્સાહન મળશે. આ પ્રકારની ગુન્હાહીત પ્રવૃતિના કારણે વીજકંપનીને ખુબ જ મોટું આર્થિક નુકસાન થાય છે. બીજી વખત વીજચોરીનો ગુન્હો કરવો એટલે આરોપીને કાયદાનો કોઈ ડર નથી તેવી પ્રતિતી કરાવે છે. આરોપીપક્ષે સજા બાબતે જે રજુઆત કરેલ છે તે જોતા આ વીજચોરીની રકમ વીજ કંપનીમાં ભરેલ છે. આ સંજોગોમાં વીજચોરીનો બીજો ગુન્હો કરવામાં આવેલ છે તે હકીકત સ્વયં સ્પષ્ટ થાય છે. આ સંજોગોમાં આરોપીને કાયદા મુજબ સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપી સહદેવસિંહ મનુભા ગોહિલ, રહે.શ્રી કુબેર હોટલ, આરાધના ધામ સામે, વડાલીયા સિંહણ ગામ, તા.ખંભાલીયા, જી. દેવભુમિ દ્વારકાને બી.એન.એસ.એસ. ૨૦૨૩ કલમ–૨૫૮ (૨) અન્વયે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૨૯,૫૩,૨૬૬/– (અંકે રૂપીયા ઓગણત્રીસ લાખ ત્રેપ્પન હજાર બસો છાંસઠ પુરા) દંડ કરવાનો

હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૯(નવ) માસની કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ અદાલતમાં રજુ થયેલ ન હોય વીજકંપનીએ નિયમ અનુસાર તેનો નિકાલ કરવો.

(૩) આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૪૬૮ મુજબ સેટઓફનો લાભ આપવો તથા કેદની સજા સાથે ભોગવવી.

(૪) બી.એન.એસ.એસ. કલમ–૪૦૪ મુજબ આ હુકમની એક ખરી નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

(૫) બી.એન.એસ.એસ. કલમ–૪૦૬ મુજબ આ હુકમની નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, દેવભુમિ દ્વારકા, મું.ખંભાળીયાને ઈ–મેઈલથી મોકલવી.

(૬) આરોપીના જામીન અને જાત મુચરકા આથી રદ્દ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૩, માહે–એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ :૨૩/૦૪/૨૦૨૬
(ડી.વી.પાથર)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સ્પેશ્યલ (ઈલે.) જજ,
જી.દેવભુમિ દ્વારકા, મું. ખંભાળીયા.
(Code: GJ-00345)